**આઈ રમાબાઈ આંબેડકર સાતફેરા સમુહ લગ્ન યોજના.**

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:પરચ-૧૦૨૦૦૦-ન.બા.૩૪-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૩/૧/૨૦૦૧

વંચાણે લીધા:-(૧) ભૂતપૂર્વ સમાજ કલ્યાણઅને આદિજાતિ વિકાસ વિભાગ(પ્રભાગ) નો તારીખ:-
૨૯-૪-૯૮ નો ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૯૮-૬૭૪/ગ,
(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૫-૨-૯૯ નો સુધારો
ક્રમાંક:એસસીડબલ્યુ/૧૦૯૮/૮૪૨/ ગ,

**ઠરાવ:-**

આમુખમાં જણાવેલ આ વિભાગના તા.૫-૨-૧૯૯૯ ના સુધારાથી સુધાર્યા મુજબના તા.૨૯-૪-૯૮ના ઠરાવ અન્વયે વ્યકિતગત લગ્ન પ્રસંગે બિન જરુરી ખર્ચ નિવારી શકાય અને તેમનો આર્થિક વિકાસ થાય તે હેતુસર સમૂહલગ્નમાં ભાગ લેનાર અનુસૂચિત જાતિના યુગલોને પ્રોત્સાહક પુરસ્કારતથા સન્માન પત્ર ... વાની "સાત ફેરા સમૂહલગ્ન" યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાને બદલે નીચે મુજબની "આઈ રમાબાઈ આંબેડકર સાતફેરા સમૂહલગ્ન યોજના "અમલમાં મૂકવાનું આથી ઠરાવવામાં આવે છે.

નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ
- 5 JAN 2001
આવક નંબર..................

૧. આ યોજના "આઈ રમાબાઈ આંબેડકર સાતફેરા સમૂહલગ્ન યોજના " તરીકે ઓળખાશે.

૨. આ યોજના હેઠળ ઓછામાં ઓછા દસ નવયુગલોના સમુહલગ્નમાં ભાગ લેનાર અનુ.જાતિના દરેક યુગલને સરદાર સરોવર નર્મદા નિગમ લિ.ની શ્રીનિધિ બાંધી મુદતની થાપણ યોજના હેઠળ રૂા.૫૦૦૦/-(રુપિયા પાંચ હજાર પુરા) ની ક્યુમ્યુલેટીવ થાપણની કન્યાના નામની રસીદ પ્રોત્સાહક પુરસ્કાર તરીકે આપવામાં આવશે.

૩. આ ઉપરાંત સમૂહલગ્નોનું આયોજન કરવા માટે આયોજક સંસ્થાઓને પણ પ્રોત્સાહન મળે તે હેતુસરઆવા સમુહલગ્ન યોજનાર સંસ્થાને પણ તે અનુ.જાતિના ઓછામાં ઓછા ૧૦ નવયુગલો ના સમુહ લગ્ન યોજે તો યુગલદીઠ રૂા.૧૦૦૦/- ની રોકડ સહાય ચુકવવાનું ઠરાવવામાં આવે છે. તેમજ સામાજિક રુઢી-રીવાજોમાંથી બહાર આવી સામાજીક ઉત્થાનની પ્રક્રિયામાં વેગ લાવવામાં સહભાગી થવા બદલ પ્રશસ્તિપત્ર આપવામાં આવશે.

૪. આ યોજનાનો લાભ લેનાર યુગલ લગ્ન માટેની નિયત વય ધરાવતું હોવું જોઈશે.

૫. આ યોજનાનો લાભ માટે નવયુગલે/ આયોજકોએ સમૂહલગ્નના ૧૫ દિવસ અગાઉ શહેરી વિસ્તાર માટે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીને અને ગ્રામ્ય વિસ્તાર માટે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત) ને જરુરી દસ્તાવેજો સાથે અરજી કરવાની રહેશે.

૬. આવા લગ્નોનોધણી કરાવવાની રહેશે જે માટે સ્થળ પર જ રૂા.૨૦/- ની નોંધણી ફી લઈને નોંધણી પ્રમાણપત્ર આપવામાં આવશે.

૭. આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર-" ૨૨૨૫" અનુ.જાતિ/અનુ.જનજાતિ કલ્યાણ-૦૧- અનુ.જાતિઓનું કલયાણ (ખાસ અંગભૂત યોજના)-૮૦૦-બીજું ખર્ચ(બીસીકે-૬૧) અનુ.જાતિનાં સમુહલગ્ન અંગે આર્થિક સહાય 'હેઠળ ઉધારવાનો રહેશે અને તે હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

૮. આ યોજનાનો અમલ તા. ૧-૪-૨૦૦૦ થી કરવાનો રહેશે પરંતુ જે કિસ્સામાં તા. ૨૯-૪-૧૯૯૮ ના ઠરાવ હેઠળ પ્રોત્સાહનની રકમ ચુકવાઈ ગયેલ હશે તેવા કિસ્સા ઉખેળવાના રહેશે નહિ.

૯. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાંણા વિભાગની તા. ૨૭-૧૨-૨૦૦૦ ની નોંધથી મળેલ સમંતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( બી.પી.પ્રજાપતિ )
સેકશન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,
મા.મંત્રીશ્રી (સામાજીક ન્યાય અને અધિકારીતા)ના અંગત સચિવશ્રી, ગાંધીનગર
મા.નાયબ મંત્રીશ્રી (સામાજીક ન્યાય અને અધિકારીતા)ના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત અમદાવાદ/રાજકોટ.
નિયામકશ્રી, અનુસુચિતજાતિ કલ્યાણ ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
મેનેજીંગ ડીરેકટર, સરદાર સરોવર નર્મદા નિગમ, ગાંધીનગર.
નાંણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ,
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ,
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(પંચાયત)
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ ,
સર્વે જિલ્લા સબ-રજિસ્ટારશ્રીઓ,
સચિવાલયના અન્ય વિભાગો,
વિભાગની અ અને છ.૧ શાખાઓ,
પસંદગી ફાઈલ.
વાઘેલા:૨/૧ ગર

નં.અજાક/મ/પ/૨૦૦૦-૨૦૦૧/ ૫૦
નિયામક, અનુસુચિતજાતિ કલ્યાણ
૪/૨ ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

તારીખઃ- ૫/૪/૨૦૦૧.

પ્રતિ,
૧. જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી (તમામ)
૨. જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (તમામ)
૨/ જાણ તથા અમલ કરવા સારુ.

નકલ રવાનાઃ-

૧.........શાખા, વડી કચેરી, ગાંધીનગર તરફ જાણ સારુ.

૨. સબંધિત મોનીટરીંગ અધિકારીશ્રી, વડી કચેરી તરફ જાણ સારુ.